The Baroda Rayon Corporation Ltd.
CIN L45100GJ1958PLC000892
P O Fatehnagar, Udhna, Surat 394 220
Tel : 0261-2899555
Email : admin@brcl.in
Website : www.brcl.in

May 16, 2026

To
Department of Corporate Services
BSE Limited
P J Towers,
Dalal Street,
Mumbai - 400001.

**Sub – Newspaper advertisement - Special window for transfer and Dematerialisation of physical shares.**
**Ref – BSE Scrip code – 500270**

Dear Sir / Madam,

Pursuant to SEBI Circular No. HO/38/13/11(2)2026-MIRSD-POD/I/3750/2026 dated January 30, 2026, regarding the opening of a special window for transfer and dematerialisation of physical shares, we hereby enclose copies of newspaper advertisements published on May 16, 2026 in the following newspapers:

a) Financial Express (English Edition); and
b) Pratap Darpan (Gujarati Edition)

This above details are also available on the company's website at www.brcl.in

Kindly take the same on your record.

Thanking you,

Yours faithfully,
**For The Baroda Rayon Corporation Limited**

Kunjal S Desai.

**Kunjal Desai**
**Company Secretary**

The Baroda Rayon Corporation Ltd. PO Fatehnagar (Surat) 394220

Encl: As above




# લેપ્ટોસ્પાયરોસીસ રોગના અટકાયત અને નિયંત્રણ માટેની સમીક્ષા બેઠક

## હાઈરિસ્ક ધરાવતા વિસ્તારમાં સઘન સર્વેલન્સ કરીને ગોળીઓના વિતરણ

સુરત, તા.૧૬

આગામી ચોમાસાની ઋતુને ધ્યાને લઈ લેપ્ટોસ્પાયરોસીસ રોગના અટકાયત અને નિયંત્રણ માટેના આગોતરા આયોજનના ભાગરૂપે ગાંધીનગર આરોગ્ય વિભાગના અધિક નિયામક ડો.નિલમ પટેલના અધ્યક્ષસ્થાને સુરત મહાનગરપાલિકા તેમજ સુરત- તાપી- નવસારી અને વલસાડ જિલ્લાના આરોગ્ય અધિકારીઓ તથા પશુપાલન, ખેતીવાડી તથા અન્ય અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં ગાંધીનગરના સ્ટેટ એપેડેમીયોલોજીસ્ટ ડો.જયેશ સોલંકી, એપેડેમીક ઓફિસર ડો.વિજય પટેલ, મેડીકલ ઓફસર ડો.કાપડીયા, આરોગ્ય અને તબીબી સેવાઓના વિભાગીય નિયામક ડો.સી.આર.પટેલ સહિત દક્ષિણ ગુજરાતના જિલ્લાઓના ડોકટરો ઉપસ્થિત રહ્યા હતા.

સિવિલ સ્થિત મેડિકલ કોલેજના સભાખંડમાં યોજાયેલી બેઠકમાં ડો.નિલમ પટેલે જણાવ્યું હતું કે, સૌના સહિયારા પ્રયાસો તથા મહેનતના કારણે છેલ્લા વર્ષોમાં લેપ્ટોસ્પાયરોસીસના કેસોમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે પણ સાવચેતી જરૂરી છે. હાઈરિસ્ક વસ્તી ધરાવતા વિસ્તારમાં સઘન સર્વેલન્સ કરીને ગોળીઓનું વિતરણ થાય તેમજ ખાસ કરીને લોકોને જે ગોળીઓ આપવામાં આવે છે તેનું લોકો સેવન કરે તે અંગે તકેદારી લેવા જણાવ્યું હતું. ખાસ કરીને ચોમાસા દરમિયાન પાણીનો વધુ ભરાવો થતો હોય તેવા વિસ્તારોમાં સર્વેલન્સ કરીને રોગ અટકાયતી પગલા લેવા જણાવ્યું હતું. લેપ્ટોના કેસો ઝડપથી ડિટેક્ટ થાય તો ઝડપી સારવાર આપવામાં આવે જેનાથી મેટાલિટી ઘટાડી શકાય. દક્ષિણ ગુજરાતમાં જોવા મળતો લેપ્ટો ગયા વર્ષે અમદાવાદ અને મહેસાણા જિલ્લાઓમાં પણ કેસો જોવા મળ્યા હતા. જેથી તકેદારી સાથે આગોતરૂ આયોજન કરીને કામગીરી કરવા સૌને અનુરોધ કર્યો હતો.

સર્વે જિલ્લાના વડાઓને તેમના જિલ્લામાં લેપ્ટોસ્પાયરોસીસના નિયંત્રણ માટે ડોર ટુ ડોર સર્વેની કામગીરી સઘન બનાવી, પેમ્પલેટ, બેનર દ્વારા જનજાગૃતિ લાવીને આગોતરૂ આયોજન કરવા સૌ અધિકારીઓને અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત હાઈરિસ્ક ગામો પર પૂરતુ ધ્યાન આપી સતર્ક રહેવા જણાવીને દવાઓની ઉપલબ્ધતા, લોકોમાં રોગના લક્ષણો જણાય તો તેમને ત્વરિત સારવાર મળી રહે, ઝડપી ટેસ્ટીંગ થાય તે અંગેની સૂચના આપી હતી. પશુપાલન વિભાગના અધિકારીઓ સાથે લેપ્ટોને નિયંત્રણમાં રાખવા અંગેના સેમ્પલ મેળવીને ટેસ્ટીંગ અંગેની જરૂરી વ્યવસ્થાઓ અને તૈયારીઓ કરવાની સૂચનાઓ આપી હતી. નોંધનીય છે કે, સુરત જિલ્લામાં ૨૦૨૫ના વર્ષમાં લેપ્ટોના ૧૦ કેસો અને એક મૃત્યૃ નોંધાયું હતું. તેવી રીતે વલસાડમાં ચાર કેસ અને એક ડેથ, તાપીમાં નવ કેસો અને એક ડેથ, તથા નવસારીમાં નવ કેસો સુરત મનપામાં બે કેસો તેમજ અન્ય મળી કુલ ૩૭ કેસો અને ચારના મૃત્યૃ નોંધાયા હતા. બેઠકમાં સુરત, તાપી, નવસારી, વલસાડ જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારીઓ, ખેતવાડી, પશુપાલન, માહિતી વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# તા.૧૯મીએ સેન્ટ્રલ ઝોનના વિસ્તારોમાં પાણી આવશે નહીં

## મંગળવારે પાઈપલાઇન લીકેજની કામગીરી હાથ ધરાશે

સુરત, તા.૧૬

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા દ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠતમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટિબદ્ધ છે. સુરત મહાનગરપાલિકાના ઉમરવાડા જળ વિતરણ મથકથી આવતી ૧૨૦૦ મી.મી. વ્યાસની એમ.એસ.લાઇનથી સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં પાણી પુરવઠો પૂરો પાડવામાં આવે છે. સદર ૧૨૦૦ મી.મી. વ્યાસની એમ.એસ. લાઈનમાં સેન્ટ્રલ ઝોન વોલ સીટી વિસ્તારમાં નવાબવાડી રોડ પર, સહારા દરવાજા પાસે થયેલ લીકેજ રીપેરીંગની અગત્યની કામગીરી તા.૧૮/૦૫/૨૦૨૬ સોમવારના રોજ સવારે ૦૮:૦૦ થી તા.૧૯/૦૫/૨૦૨૬ મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ કલાક સુધી હાથ ધરવામાં આવનાર છે. જેના કારણે તા.૧૯/૦૫/૨૦૨૬ મંગળવારના રોજ નીચે દર્શાવેલ વિસ્તારોમાં અપાતો પાણી પુરવઠો સંપૂર્ણ બંધ/ નહિવત મળવાની શક્યતા રહેલી છે. તા.૧૯/૦૫/૨૦૨૬ મંગળવારના રોજ નીચે મુજબના વિસ્તારમાં પાણી પુરવઠો સંપૂર્ણ બંધ/ નહિવત મળવાની શક્યતા રહેલી છે સવારનો સપ્લાય (સમય: ૦૫ થી ૦૮):- (દક્ષિણ વિભાગ) બેગમપુરા, સલાબતપુરા, ગોપીપુરા, સગરામપુરા, નાનપુરા, રૂદરપુરા, સોની ફળિયા અને તેની આજુબાજુના વિસ્તાર.ઉપરોક્ત વિગતોની જાહેર જનતાએ નોંધ લઈ જરૂરિયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચત પૂર્વક ઉપયોગ કરવા વિનંતી છે. નાગરિકોને પડનાર અગવડ બદલ આથી દિલગીરી વ્યક્ત કરવામાં આવે છે તથા નાગરિકોને સહકાર આપવા વિનંતી છે.

# લાંચ કેસમાં ડે. ઈજનેર નિતીન શાહનો નિર્દોષ છુટકારો થયો

**પ્રતાપ પ્રતિનિધિ, કડોદરા, તા.૧૬**

જાગીર વ્યવસ્થાપકની કચેરીના સબ ઈજનેર નિતીન શાહને કોર્ટ દ્વારા લાંચના કેસમાં પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. સને ૨૦૦૮માં છાપરાભાઠા ખાતેના મકાન દસ્તાવેજની કામગીરી માટે જાગીર વ્સવસ્થાપકની કચેરી(ગુજરાત હાઉસિંગ બોર્ડ)ના સબ ઈજનેર નિતીન ખોડીદાસ શાહ દ્વારા રૂ. ૩,૦૦૦ની લાંચ માંગવામાં આવી હોવાની ફરિયાદ છઅમ્માં થઈ હતી. આ કેસમાં ટ્રેપ દરમિયાન આરોપી નિતીન શાહની ધરપકડ કરવામાં આવી હતી. બચાવ પક્ષના વકીલ ઉજજવલ જી. દેસાઈએ દલીલો અને ઉલટતપાસ દ્વારા સાબિત કર્યું કે લાંચની ફરિયાદ પૂર્વે જ ઈન્સ્પેક્શનની કામગીરી પૂર્ણ થઈ ગઈ હતી. વકીલે પૂરવાર કર્યું કે લાંચના મુખ્ય તત્વો જેવા કે માંગણી અને સ્વીકાર સાબિત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ રહ્યો છે. પુરાવાઓના અભાવે કોર્ટે નિતીન શાહને તમામ આરોપોમાંથી મુક્ત કરતો હુકમ કર્યો હતો.




# સુરજવડી અને શેલડેડુમલ ડેમના જળ સંચયના કાર્યનું ખાતમુહૂર્ત

## ૬ કરોડના ખર્ચે બંને ડેમ ડિસિલ્ટિંગની કામગીરીનો ધારાસભ્ય કસવાલાના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો

સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલા તાલુકાના સુરજવડી ડેમ તેમજ શેલડેડુમલ ડેમ ખાતે ડિસિલ્ટિંગ તથા ડેમને વધુ ઊંડો ઉતારવાની કામગીરીનું ખાતમુહૂર્ત ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના હસ્તે કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા જળ સંચય અને પાણી બચતના ક્ષેત્રમાં સતત મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે, જેના ભાગરૂપે આશરે રૂ. ૬ કરોડના ખર્ચે આ બંને ડેમ ખાતે વિશાળ કામગીરી શરૂ કરવામાં આવી છે.વિસ્તારના ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળી રહે, વરસાદી પાણીનો વધુમાં વધુ સંગ્રહ થઈ શકે તેમજ ભૂગર્ભ જળસ્તરમાં વધારો થાય તે હેતુથી સુરજવડી ડેમ અને શેલડેડુમલ ડેમ ખાતે ડિસિલ્ટિંગ તેમજ ડેમને વધુ ઊંડો બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સુરજવડી ડેમના નિર્માણ બાદ પ્રથમ વખત મોટા પાયે ડિસિલ્ટિંગ કામગીરી હાથ ધરવામાં આવતાં આજુબાજુના અંદાજે ૧૨ ગામોના ખેડૂતો અને ગ્રામજનોને સીધો લાભ મળશે.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે પાણી એ ગ્રામ્ય અર્થતંત્ર અને ખેડૂતો માટે જીવનદાયી સાધન છે. ડેમોની પાણી સંગ્રહ ક્ષમતા વધારવાથી ખેતી માટે લાંબા સમય સુધી પાણી ઉપલબ્ધ રહેશે, જેના કારણે ખેડૂતોને મોટી રાહત મળશે. સાથે જ વરસાદી પાણીના સંગ્રહમાં વધારો થતાં ભૂગર્ભ જળસ્તર પણ ઊંચું આવશે અને વિસ્તારના જળ સંચયને વધુ મજબૂતી મળશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની સમસ્યા દૂર કરવા, જળ સંચય વધારવા અને ખેડૂતોને વધુ સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ રહી સતત વિકાસલક્ષી કામગીરી કરી રહી છે. કાર્યક્રમ દરમિયાન સંબંધિત વિભાગના અધિકારીઓ, સ્થાનિક આગેવાનો, ગ્રામજનો તેમજ ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સુરત જિલ્લામાં આંગણવાડીઓના આધુનિકીકરણ માટે વિશેષ ડ્રાઈવ

## ૯૬.૪૧ ટકા કામગીરી પૂર્ણ કરી મેળવી નોંધપાત્ર સિદ્ધિ

સુરત, તા.૧૬

સુરત જિલ્લા પંચાયત હસ્તકની સંકલિત બાળ વિકાસ યોજના(ICDS) શાખા દ્વારા વર્ષ ૨૦૨૫-'૨૬ દરમિયાન જિલ્લામાં પુરક પોષણ, પૂર્ણા યોજના, પોષણ સુધા, પાપા પગલી અને ટેક હોમ રાશન જેવી લોકકલ્યાણકારી યોજનાઓના અસરકારક અમલીકરણની સાથે સાથે આંગણવાડીના ભૌતિક માળખાને મજબૂત બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

ગત વર્ષે જિલ્લાના કુલ ૧૭૩૩ આંગણવાડી કેન્દ્રો પૈકી ૧૩૪૪ કેન્દ્રો (૭૭.૫૫%) પોતાના સરકારી મકાન ધરાવે છે. તેમજ આંગણવાડીઓના મેન્ટેનન્સ અને રીનોવેશન માટે રાજ્ય સરકાર દ્વારા રૂા. ૪.૩૮ કરોડ અને જિલ્લા પંચાયતના સ્વ-ભંડોળમાંથી રૂા.૨ કરોડ મળી કુલ રૂા. ૬.૩૮ કરોડની માતબર ગ્રાંટ ફાળવવામાં આવી હતી. સાથે જ નવીનીકરણની જરૂરીયાત જણાતાં ૨૫૧ આંગણવાડી કેન્દ્રો માટે તા. ૧૬મી જાન્યુઆરી-૨૦૨૬ થી ૩૧મી માર્ચ-૨૦૨૬ સુધી ખાસ રિનોવેશન ઝુંબેશ ચલાવવામાં આવી હતી. જેના અંતે ૨૫૧ પૈકી ૨૪૨ કેન્દ્રોનું સફળતાપૂર્વક રીનોવેશન પૂર્ણ કરી વહીવટી તંત્રએ ૯૬.૪૧% જેટલી ઉચ્ચ સિદ્ધિ હાંસલ કરી છે. બાંધકામ ક્ષેત્રે મળેલી આ સફળતાને આગળ ધપાવતા, આગામી સમયમાં રાજ્ય સરકાર અને જિલ્લા પંચાયતના સહયોગથી નવા ૭૭ કેન્દ્રોના નિર્માણ અને મરામતનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, અન્ય ૫૮૦ કેન્દ્રોમાં નાના-મોટા રિનોવેશનની કામગીરી હાથ ધરીને આંગણવાડીના ભવનોને બાળકો માટે વધુ સુવિધાજનક બનાવવાની દિશામાં શ્રેષ્ઠ પ્રગતિ કરવામાં આવી છે.વધુમાં સુરત જિલ્લા પ્રોગ્રામ ઓફિસરે આંગણવાડી કેન્દ્રોમાં બાંધકામ ક્ષેત્રે હજુ વધુ પ્રગતિ દ્વારા બાળકોને ઉત્તમ વાતાવરણ મળે તે માટે વિભાગ અને સરકાર સાથે સંકલન સાધીને વિશિષ્ટ કામગીરી કરવા ICDS શાખાની કટિબદ્ધતા દર્શાવી હતી.

# બલેશ્વરમાં બાઈકની અડફેટે ચઢેલા યુવકની હાલત ગંભીર

## બાઈક ચાલક અકસ્માત બાદ ભાગી ગયો

**પ્રતાપ પ્રતિનિધિ, કડોદરા, તા.૧૬**

બલેશ્વર ના નેશનલ હાઈવે રોડ ઉપર એક આધેડ ને રોડ ક્રોસ કરતા મોટરસાયકલ ના ચાલકે ટક્કર મારી ગંભીર ઈજા પહોંચાડી સ્થળ પરથી પોતાનું વાહન લઇ નાસી ગયો હતો પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર મૂળ મધ્ય પ્રદેશ ના વતની અને હાલ નવસારી ખાતે રહેતા રાજેન્દ્ર સિંહ નારાયણ સિંહ ચંદેલ એ પલસાણા પોલીસ મથકમાં ફરિયાદ આપી હતી ફરિયાદમાં જણાવ્યા અનુસાર તેમના ભાઈ અજય કુમાર સિંહ નારાયણ સિંહ ચંદેલ ઉંમર વર્ષ ૪૮ ગઈકાલે મોજે બલેશ્વર ગામની સીમમાં આવેલ મુંબઈથી અમદાવાદ તરફ જતા નેશનલ હાઈવે નંબર ૪૮ ના રોડ ઉપર ખાટુ શ્યામ મિલ પાસે રોડ ક્રોસ કરતા હતા દરમિયાન મોટરસાયકલ નંબર એમએચ ૩૯ એ એમ ૯૧૧૬ ના ચાલકે પોતાની મોટરસાયકલ પુર ઝડપે હંકારી લાવી અજય કુમાર સિંહ ને ટક્કર મારી હતી ત્યારે અજય ના માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી ત્યારે સ્થળ પરથી મોટરસાયકલ ચાલક પોતાનું વાહન લઇ નાસી ગયો હતો આ ઘટના પલ્સાના પોલીસે ગુનો નોંધી નંબર ના આધારે વધુ તપાસ પોસઈ એસ. ડી ગોવાલિયા કરી રહ્યા છે.

# પીએમ કિસાન યોજનાના માટે ઈ-કેવાયસી કરાવવું ફરજિયાત

## યોજનાના લાભાર્થીઓ માટે જાહેર સૂચના

સુરત, તા.૧૬

પીએમ કિસાન યોજનાનો લાભ લેતા ખેડૂતો માટે ભારત સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવેથી આ યોજનાના તમામ લાભાર્થીઓ માટે બાયોમેટ્રીક ઓથેન્ટિકેશન દ્વારા વાર્ષિક ઈ-કેવાયસી (e-KYC) કરાવવું ફરજિયાત રહેશે. આ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ જ ખેડૂતોને યોજના હેઠળની સહાય મળવાપાત્ર થશે. જે અન્વયે દરેક નાણાકીય વર્ષના પ્રથમ હપ્તા (એપ્રિલ-જુલાઈ) ના રીલીઝ પહેલા આ ઈ-કેવાયસી કરાવવું પડશે. ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭ માટે ઈ-કેવાયસી પૂર્ણ કરવાની અંતિમ તારીખ ૩૦ જૂન, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે.

**ઈ-કેવાયસી કરવાની ૩ સરળ પદ્ધતિઓ:**

(૧) ગ્રામ્ય કક્ષાએ ગ્રામસેવકશ્રી/વિલેજ નોડલ ઓફીસરશ્રી દ્વારા પીએમ કિસાન મોબાઈલ એપનો ઉપયોગ કરી ફેસ ઓથેન્ટિકેશન દ્વારા "eKYC" પૂર્ણ કરી શકાય છે.

(૨) નજીકના કોમન સર્વિસ સેન્ટર (CSC) પર અને "ઈ-ગ્રામ" કેન્દ્ર ખાતે લાભાર્થીઓ બાયોમેટ્રીક ઓથેન્ટિકેશન દ્વારા "e-KYC" કરાવી શકે છે.

૩) લાભાર્થીઓ જાતે પીએમ કિસાન મોબાઈલ એપમાં "Login" >> "Login Type" ઓપ્શન માં "Beneficiary" ઓપ્શન સિલેક્ટ કરી, લાભાર્થીના આધાર નંબર/રજીસ્ટ્રેશન નંબરથી ફેસ ઓથેન્ટિકેશન દ્વારા પોતાનું તથા અન્ય ૧૦૦ લાભાર્થીઓનું "eKYC" કરી શકે છે.

તાલુકા કક્ષાએ તમામ લાભાર્થીઓનું ઈ-કેવાયસી સમયસર પૂર્ણ થાય અને કોઈપણ ખેડૂત સહાયથી વંચિત ન રહી જાય તે માટે વહીવટી તંત્ર દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત ગામ દીઠ ૫ યુવાનોને તૈયાર કરવામાં આવશે જે પીએમ કિસાન એપ દ્વારા ઈ-કેવાયસીમાં મદદરૂપ થશે. વધુમાં, ગ્રામ્ય કક્ષાએ વિશેષ કેમ્પનું આયોજન કરીને પ્રચાર-પ્રસાર કરવામાં આવશે જેથી તમામ લાભાર્થીઓ નિયત સમયમર્યાદામાં પોતાની પ્રક્રિયા પૂર્ણ કરી શકે એવું જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત સુરતની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# શ્રાવણ માસમાં જગન્નાથપુરીની યાત્રા અને સત્સંગ

આ યાત્રામાં જગન્નાથપુરી યાત્રા સહિત શ્રીમદ સત્સંગી જીવન કથા જેના વક્તા શ્રી જ્ઞાનપ્રકાશ દાસજી સ્વામી દ્વારા તથા મંદિરના સહયોગથી તા. ૨૨/ ૮/ ૨૪ (શ્રાવણ સુદ બીજ થી દશમ) સુધીની યાત્રા યોજેલ છે. જેમાં જગન્નાથ ભગવાનના મંદિર સહિત ૧૯ સ્થળો ઉપરાંત નાના-મોટા સ્થળો પર યાત્રાળુ ઓ ને લઈ જવાનું આયોજન કરેલ છે. જરૂરી ફોર્મ ભરી પ્રવાસ ખર્ચ વ.વ. બાબતે આ અંગે મોબાઈલ નંબર ૯૫૫૮૪૪૮૪૪૬ નો વહેલા તે પહેલાંના ધોરણે સુરત, વડોદરા, અમદાવાદ સહિતના અન્ય શહેરોથી પણ યાત્રાઓ જોડાઈ શકે છે આ ધાર્મિક પ્રવાસ અને સત્સંગ નો લાભ લઈ શકે તેવું સ્વામિનારાયણ મંદિરના ભક્તિ બાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.

### પહેલા પાનાનું ચાલુ

### ટ્રેડ ડીલ

તેમણે જણાવ્યું હતું કે, આમાં ૬ મેએ ૧.૧ અબજ ડોલરના રોકાણની જાહેરાત કરનારી ૧૨ ભારતીય કંપનીઓ પણ સામેલ છે. આ ભાગીદારી અમેરિકામાં વાસ્તવિક રોજગારી પેદા કરી રહી છે અને મજબૂત પ્લાય ચેન બનાવી રહી છે. આ સાબીત કરે છે કે જયારે દુનિયાની બે સૌથી મોટી લોકશાહી સાથે વેપાર કરે છે તો બધાને ફાયદો થાય છે.

### વૃણમુળ કોંગ્રેસ

પાર્ટી છોડવા માંગે છે, તેઓ જવા માટે સંપૂર્ણ આઝાદ છે.

પાર્ટીના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, બેઠકમાં મમતા બેનરજીએ જણાવ્યું હતું કે, 'જે લોકો બીજી પાર્ટીઓમાં જઈ રહ્યા છે, તેમને જવા દો. હું સંગઠનને ફરીથી નવેસરથી ઊભું કરીશ. જે લોકો મારી સાથે રહી રહ્યા છે, તેમને મારી વિનંતી છે કે જે પણ પાર્ટી ઑફિસને નુકસાન થયું છે તેને ફરીથી સરખી કરો, તેના પર રંગ-રોગાન કરો અને તેને ફરીથી શરૂ કરો. જો જરૂર પડશે તો હું પોતે પણ એ ઑફિસને પેઇન્ટ કરીશ, પરંતુ તૃણમૂલ કોંગ્રેસ ક્યારેય ઝૂકશે નહીં.'

આ સમીક્ષા બેઠક બાદ ટીએમસીના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ 'X'પર નેતાઓની તસવીરો શેર કરવામાં આવી હતી. આ પોસ્ટમાં લખવામાં આવ્યું કે, 'આજે અમારા માનનીય ચેરપર્સન મમતા બેનરજી અને રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનરજીએ કાલીઘાટ ખાતે તમામ ઉમેદવારો સાથે મુલાકાત કરી છે.

આ એવા નેતાઓ છે જેમણે અકલ્પનીય અત્યાચારો અને સતત મળતી ધમકીઓ છતાં અદભુત હિંમત સાથે ચૂંટણી લડી છે. તૃણમૂલ કોંગ્રેસ એક પરિવારની જેમ એકજૂથ થઈને ઊભી છે. જેમણે જનતાનો જનાદેશ લૂંટ્યો છે, તેમની સામે અમે ક્યારેય નહીં ઝૂકીએ અને અંતે જીત હંમેશા સત્યની જ થશે.'

### ઉત્તર પ્રદેશ

એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન' (નોઆ) અનુસાર આ વર્ષે સુપર અલ નીનોનું આગમન લગભગ નિશ્ચિત થઈ ગયું છે. આનાથી, નબળું ચોમાસું, દુષ્કાળ અને હીટવેવની આશંકા હવે વધી ગઈ છે. અલ નીનો એક આબોહવા ઘટના છે, જે પ્રશાંત મહાસાગરમાં પાણી ગરમ થવા પર થાય છે. તેનાથી ચોમાસાના પવનો દિશા બદલી નાખે છે. તેની અસરથી ભારત અને દક્ષિણ-પૂર્વ એશિયામાં વરસાદ ઓછો થશે અને ભીષણ ગરમી પડશે.

### ગુજરાતમાં

રુપિયાનો ભાવવધારો કરવા છતાં કંપનીઓને હજુ પેટ્રોલ પર પ્રતિ લીટર રૂા.૧૧ તથા ડિઝલ પર રૂા.૩૯ની ખોટ થઇ રહી છે.પેટ્રોલીયમ ક્ષેત્રના જાણકારોના કહેવા પ્રમાણે વિશ્વ બજારમાં ક્રૂડતેલ-એલએનજીની કિંમત હજુ ઉંચી જ રહેવાના સંજોગોમાં તેલ કંપનીઓ પર દબાણ બની રહેશે. વિદેશી હુંડિયામણ પર પણ બોજ પડી શકે છે. સતત ત્રીજા વર્ષે ચાલુ ખાતાની ખાધમાં વધારો થવાની શક્યતા છે.

### ટ્રમ્પ-જિનપિંગ

ગત વર્ષની જેમ ટેરિફ યુધ્ધથી બચવા માટે એક સંયુક્ત બોર્ડ બનાવવા પર પણ ચર્ચા થઈ.

ટ્રમ્પે કહ્યું હતું કે તેણે શી જિનપિંગને ચીનમાં કેદ રાજનીતિક કેદીઓના બારામાં પણ વાત કરી હતી. તેમાં જાયન ચર્ચના પાદરી એજા જિન મિગરી અને હોંગકોંગના લોકશાહી સમર્થક કારોબારી જિની લાઈમો મામલે પણ સામેલ છે. જિમી લાઈમે રાષ્ટ્રીય સુરક્ષા ફાયદા અંતર્ગત ૨૦ વર્ષની સજા આપવામાં આવી છે.

### પ્રાચીન શ્રી સિધ્ધનાથ

### પેજ-૨ પાનાનું ચાલુ

ઓલપાડ કોર્ટના પ્રિન્સિપાલ સિનિયરસીવીલ જજ શ્રી એન.ડી.શર્મા સાહેબ,એડીશનલ સિનિયર સીવીલ જજ દીપ્તીબેન એમ.પંડયાજી,સીવીલ કોર્ટના રજીસ્ટાર શ્રી વાય.એમ.ખેંગાર,સરકારી વકીલ રાધાબેન આર.ચુધ સહિત ઓલપાડ વકીલ મંડળના પ્રમુખ તૃપ્તીબેન ડી.દરબાર સાથે સિનિયર સિનિયર વકીલો પૈકી બી.પી.પટેલ,એ.એન.મહીડા,એચ.ટી.પટેલ હાજર રહ્યા હતા.

### ઉધના અને ઝાંઝરપુર

### પેજ-૨ પાનાનું ચાલુ

બંને દિશામાં થોભશે. આ અનરિઝર્વ્ડ ટ્રેનમાં સ્લીપર અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ટ્રેનના સ્ટોપેજ, સમય અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

### કવડવંજમાં

### પેજ-૨ પાનાનું ચાલુ

પવિત્ર સંકલ્પરુરે પૂં.બાપજીની દિવ્ય મૂર્તિ ની પ્રાણ પ્રતિષ્ઠા નો કાર્યક્રમ યોજાવામાં આવ્યો હતો,અને આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ની અંદર અનેક મહાનુભાવો ઉપસ્થિત રહી ધૂમ-ધામ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ની અંદર ઓલપાડ તાલુકા રાજપૂત સમાજ યુવા અગ્રણી,અને યુવા નોમાં જાગૃતતા લાવવાનું કામ કરતા સુરત જિલ્લા કરણી સેના પ્રવક્તા પ્રિન્સ મહિડા ની પણ વિશેષ ઉપસ્થિત રહી હતી.આ વેળાએ તેમણે રંગઅવધૂત બાપજી વિશે જોશીલું સંબોધન કરતા જણાવ્યું કે હવે નો સમય યુવાનો નો છે જેથી બને એટલી ભક્તિ કરી પરોપકાર ના કાર્યો માં આગળ વધ્યે,યુવાનો માટે પેરણાદાયક સંબોધન કર્યું હતું.

### પીછો કરતા યુવકની

### પેજ-૨ પાનાનું ચાલુ

માહિતી મળતા જ અભયમ ટીમ-ઉમરા તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને સમગ્ર પરિસ્થિતિની ગંભીરતાપૂર્વક સમીક્ષા કરી હતી. ટીમ દ્વારા સંબંધિત યુવકને બોલાવી શાંતિપૂર્ણ વાતાવરણમાં કાઉન્સેલિંગ કરવામાં આવ્યું. કાઉન્સેલિંગ દરમિયાન યુવકને કાયદાકીય રીતે અવગત કરવામાં આવ્યો હતો કે કોઈપણ મહિલાની ઈચ્છા વિરુદ્ધ સતત પીછો કરવો, રસ્તામાં રોકવું, લગ્ન માટે દબાણ કરવું અથવા માનસિક હેરાનગતિ પહોંચાડવી ભારતીય કાયદા મુજબ દંડનીય ગુનો ગણાય છે.

કાઉન્સેલિંગ દરમિયાન યુવકની માનસિક પરિપક્વતા ઓછી હોવાનું જણાતા ટીમ દ્વારા શાંતિપૂર્ણ રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું. સતત સમજાવટ બાદ યુવકે પોતાની ભૂલ સ્વીકારી અને ભવિષ્યમાં પીડિતાનો પીછો નહીં કરે, કોઈપણ પ્રકારનું દબાણ નહીં કરે અને પીડિતાને હેરાન નહી કરે તેવી લેખિત બાહેંધરી આપી હતી. વધુમાં યુવકે પીડિતાની માફી માંગતા બંને પક્ષ વચ્ચે સમાધાન કરાવવામાં આવ્યું હતું. અંતે ૧૮૧ અભયમ ટીમ દ્વારા બંને પક્ષને જરૂરી માર્ગદર્શન અને સલાહ-સૂચનો આપી ભવિષ્યમાં કાયદાકીય મર્યાદાનું પાલન કરી શાંતિપૂર્ણ વર્તન રાખવા સમજ આપવામાં આવી હતી.

### છેલ્લા પાનાનું ચાલુ

### કલાકુંજ

પીઆઈ મીનાબા ઝાલાએ જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં પ્રિયદર્શન સ્વામીએ આપઘાત કર્યો હોવાનું અનુમાન છે. જોકે પેનલ પોસ્ટમોર્ટમ કરવામા આવ્યું છે અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ ચોક્કસ કારણ સામે આવશે.

### હ્હત્યા કેસમાં

પણ ટેસ્ટ નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન દ્વારા નક્કી કરાયેલી માર્ગદરિ?શકા મુજબ જ થવો જોઈએ. આ કિસ્સામાં આરોપીએ પણ પોલીગ્રાફ ટેસ્ટ આપવા ના પાડી છે. તદુપરાંત પોલીગ્રાફ ટેસ્ટનું પરિણામ પણ સચોટરહેતું નથી. કોર્ટે વકીલ મોદીની દલીલો ગ્રાહ્ય રાખી પોલીગ્રાફ ટેસ્ટની અરજી રદ કરી હતી. બચાવ પક્ષે વકીલ મુકુંદ રામાણી અને હાર્દિક ગઢિયા પણ હાજર રહ્યા હતા.

### જુના મોબાઈળ

SOG દ્વારા નાગરિકોને પણ અપીલ કરવામાં આવી છે કે કોઈપણ મોબાઈલ કે વાહન ખરીદતા પહેલા તેના બિલ અને કાયદેસર દસ્તાવેજોની સંપૂર્ણ ચકાસણી કરવી. બિલ વગર કે શંકાસ્પદ રીતે સસ્તા ભાવે મળતા મોબાઈલ અથવા વાહનો ખરીદવાથી કાયદાકીય મુશ્કેલીમાં મુકાવાનો વારો આવી શકે છે. આગામી દિવસોમાં શહેરના વધુ વિસ્તારોમાં પણ આ પ્રકારની કાર્યવાહી વધુ સઘન બનાવવામાં આવશે.

### પાલમાં

પાસવર્ડનો ઉપયોગ કરી ગ્રાહકોને ક્લાયન્ટ આઈડી બનાવી આપતો હતો. ત્યારબાદ હાલ ચાલી રહેલી IPL-૨૦૨૬ની મેચો પર રૂપિયા પૈસાનો હારજીતનો ઓનલાઇન જુગાર રમાડવામાં આવતો હતો. પોલીસે આરોપી પાસેથી રૂ.૧ લાખની કિંમતનો મોબાઈલ ફોન તથા જુગાર સંબંધિત ૯ સ્ક્રીનશોટ કબ્જે કર્યા હતા. જ્યારે ભોલુડુમસ અને યશ માનીયો નામના ગ્રાહકો તેમજ સુપર આઈડી ધારક રાજ ઉર્ફે મુકુ ફરાર મળી આવ્યા હતા.

**THE BARODA RAYON CORPORATION LIMITED**

Reg. Office: P.O. Baroda Rayon, Fatehnagar, Udhna, Dist. Surat-394220 (T) 0261-2899555 Email-admin@brcl.in
CIN – L45100GJ1958PLC000892 website-www.brcl.in.

**ભૌતિક શેરના ટ્રાન્સફર અને ડિમટીરિયલાઇઝેશન માટે ખાસ વિન્ડો**

SEBI ના પરિપત્ર ક્રમાંક HO/૩૮/૧૩/૧૧(૨)૨૦૨૬-MIRSD-POD/I/૩૭૫૦/૨૦૨૬ તારીખ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ અનુસાર, બધા શેરધારકોને આથી જાણ કરવામાં આવે છે કે એપ્રિલ ૦૧, ૨૦૧૯ પહેલાં વેચાયેલી/ખરીદી કરેલી ભૌતિક સિક્યોરિટીઝના ટ્રાન્સફર અને ડિમટીરિયલાઈઝેશન ("ડીમેટ") માટે ફેબ્રુઆરી ૦૫, ૨૦૨૬ થી ફેબ્રુઆરી ૦૪, ૨૦૨૭ સુધી એક વર્ષના સમયગાળા માટે એક ખાસ વિન્ડો ખોલવામાં આવશે. ઉપરોક્ત ખાસ વિન્ડો આવી ટ્રાન્સફર વિનંતી માટે પણ ઉપલબ્ધ રહેશે જે અગાઉ સબમિટ કરવામાં આવી હતી અને દસ્તાવેજો/પ્રક્રિયા/અથવા અન્યથા ખામીને કારણે નકારવામાં આવી હતી/પરત કરવામાં આવી હતી/ધ્યાનમાં લેવામાં આવી ન હતી. વધુમાં, આ રીતે ટ્રાન્સફર કરાયેલી સિક્યોરિટીઝ ફરજિયાતપણે ફક્ત ડીમેટ મોડમાં ટ્રાન્સફર કરનારને જમા કરવામાં આવશે અને ટ્રાન્સફરની નોંધણીની તારીખથી એક વર્ષના સમયગાળા માટે લોક-ઈન હેઠળ રહેશે. ઉપરોક્ત લોક-ઈન સમયગાળા દરમિયાન આવી સિક્યોરિટીઝ ટ્રાન્સફર/લીન-માર્ક/ગીરવે મૂકવામાં આવશે નહીં. આ વિન્ડો હેઠળ ટ્રાન્સફર કરનાર અને ટ્રાન્સફર કરનાર વચ્ચેના વિવાદો અને ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF) માં ટ્રાન્સફર કરાયેલી સિક્યોરિટીઝને લગતા કેસોને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

શેરધારકોને આ તકનો લાભ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે કે તેઓ મૂળ સુરક્ષા પ્રમાણપત્ર, શેર ટ્રાન્સફર ડીડ, ક્લાયન્ટ માસ્ટર લિસ્ટ (CML) અને ઉપરોક્ત સેબી પરિપત્રમાં સૂચિબદ્ધ અન્ય તમામ દસ્તાવેજો કંપનીના રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ ("RTA") એટલે કે એમયુએફજી ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, સી-૧૦૧, ૨૪૭ પાર્ક, એલબીએસમાર્ગ, વિક્રોલી વેસ્ટ, મુંબઈ ૪૦૦૦૮૩ (મહારાષ્ટ્ર) ને સુપરત કરે.

કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, શેરધારકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ RTA ને investro.helpdesk@in.mpms.mufg.com પર અથવા કંપનીને www.brcl.in પર સેવા વિનંતી કરે.

**તારિક: ૧૫/૦૫/૨૦૨૬**
**ફોર ધી બરોડા રેયોન કોર્પોરેશન લિમિટેડ**
**સ્થળ:સુરત સહી/-**

**કુંજલ દેસાઈ**
**કંપની સેક્રેટરી**

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka